(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

ભિલોડા તાલુકા શામળાજી નજીક શામળાજી-મોડાસા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ખોડંબા નજીક આજે વહેલી સવારે ૮ વાગ્યાના સુમારે આયશર ટ્રક (ગાડી નં. એચ.આર.૩૮-એસ.બી-૭૯૮) અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં આયસર ટ્રકના ડ્રાઈવરનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત બનતાં દોડી આવેલા લોકોએ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

પ્રાંતિજ ખાતે બોડી ચેકઅપ કેમ્પ યોજાયો

જાયન્ટસ ગ્રુપ દ્વારા આયોજિત કેમ્પમાં ૭૦ જેટલા દર્દીઓએ લાભ લીધો : આંગણવાડીના ભુલકાઓને પગરખાં તથા બિસ્કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે જાયન્ટસ ગ્રુપના સહિયોગથી બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

પ્રાંતિજ ખાતે માનવ સેવા સેવાઓ સાથે સંકળાયેલ જાયન્ટસ ગ્રુપ દ્વારા પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે બોડી ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૭૦ જેટલા દર્દીઓની બોડી ચેકઅપ કરાવ્યું હતું. જેમાં જાયન્ટસ ગ્રુપના સહિયોગથી અમદાવાદથી આવેલ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ચેકઅપ કરવામાં આવ્યું હતું જેમાં લોહી અને પેશાબની તપાસથી શરીરના બધાં રોગોનું નિદાન વહેલા થઈ શકે છે તેવુ ડૉ. એન.કે. રેરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું. જ્યારે જાયન્ટસ ગ્રુપ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ આંગણવાડીના બાળકોને ૨૦૦ થી વધારે પગરખાંઓ તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જાયન્ટસના વજેશભાઈ ભાવસાર, પંકજભાઈ, અમીનાબેન, મિતેષભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કમાલપુરની મહિલાના ગળામાંથી માદરીયુ ખેંચાયુ

મોડા રાત્રે મહિલાનું મોઢુ દબાવી અજાણ્યા ઈસમો માદરીયુ લઈ ફરાર થઈ ગયા

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ પાસે આવેલ કમાલપુર ગામ બહાર આવેલ શોપીંગની દુકાન આગળ રાત્રીના સમયે અજાણ્યા ઈસમો દ્વારા મહિલાના ગળામાંથી એક તોલાનું માદરીયું ખેંચી જતાં પોલીસ ફરિયાદ કરાઈ છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી દોડ એક કિલોમીટરના અંતરે આવેલ પ્રાંતિજ તાલુકાનું કમાલપુર ગામે ચોકડી ઉપર આવેલ શોપીંગની દુકાન આગળ રાત્રીના સમયે સુઈ રહેલ રાધાબેન રાજુભાઈ રબારીને અજાણ્યા ચોર ઈસમો દ્વારા તેમના ખાટલાની પાસે આવી તેમનું મોઢું દબાવી તેમના ગળામાં રહેલ એક તોલાનું સોનાનું માદરીયું ચોરી ગયા હતા. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રાધાબેન રાજુભાઈ રબારીના ફરીયાદના આધારે પોલીસે અજાણ્યા ચોર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જ્યારે પ્રંતિજ તથા પંથકમાં અવારનવાર નાની મોટી તસ્કરી છતાં પોલીસ માત્ર હાથ ઉપર હાથ બાંધીને બેઠી છે. ત્યારે હાલ તો હજુ પ્રાંતિજ પોલીસ ઘોર નિંદ્રામાં હોય તેવું જણાઈ આવે છે. ત્યારે પંથકના લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ત્યારે પોલીસ પણ નિંદ્રામાંથી જાગી રાત્રીનો રાઉન્ડ તથા પોઈન્ટ મુજબ કામ કરે તેવી લોકોની માગણી ઉઠવા પામી છે.

મોટી ઈસરોલ ગામે કન્ટેઈનર વીજપોલ સાથે અથડાઈ ખેતરમાં ખાબક્યું

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના શામળાજી - ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માત અને ટ્રક - કન્ટેઈનર પલટી જવાની હારમાળા સર્જાઈ છે. અહીંથી પસાર થતા વાહનચાલકો, ટ્રક - કન્ટેઈનર ચાલકો પોતાના વાહનો પૂરઝડપે હંકારતા હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. જ્યારે ટ્રક - કન્ટેઈનર ચાલકો સતત વાહનચલાવતા થાકથી અને કેટલાક ડ્રાઈવરો નશામય હાલતમાં ટ્રક - કન્ટેઈનર ચલાવતા હોવાથી વાહનો પલટી ખાઈ જવાની ઘટનાઓ છાશવારે બનતી હોય છે. મોડાસાથી શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર ટ્રાફિકના નિયમોનું સતત ઉલ્લંઘન કરવામાં આવતું હોવા છતાં અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કોઈ જ દંડાત્મક કાર્યવાહી ન કરાતાં વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી મોડાસા તાલુકાના પ્રજાજનોના જીવ જોખમાય તેવી સ્થિતિનું સતત નિર્માણ થઈ રહ્યું છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા તાલુકાના મોટી ઈસરોલ - મરડીયા રાજ્ય ધોરીમાર્ગ પર આજે વહેલી સવારના પરોઢના સમયે પાણીપતથી મુંબઈ જતી કન્ટેઈનરના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે પૂરઝડપે હંકારી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં રોડની સાઈડના ખેતરમાં ખાબક્તા રોડની સાઈડમાં રહેલા વીજપોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. વીજપોલ પર ચાલુ વીજપ્રવાહ હોવા છતાં કન્ટેઈનરના ડ્રાઈવર અને કંડકટરનો આબાદ બચાવ થયો હતો.

સાબરકાંઠા જિલ્લા રેવન્યુ કર્મચારીના હોદ્દેદારોની વરણી

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા રેવન્યુ કર્મચારી (વર્ગ-૩) મંડળ હિંમતનગરની જનરલ સભા મળી હતી. જેમાં સને ૨૦૧૫-૧૬ અને સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટેના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે ડી.આર. પટેલ, ઉપપ્રમુખ ડી.એલ. રાઠોડ, મહામંત્રી જી.એ. પાટીલ, સહમંત્રી બી.એસ. દરજી, ખજાનચી એચ.એ. લોઢાવાલા, આંતરિક ઓડીટર એન.બી. રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી જેને સભ્યોએ આવકારી અભિનંદન આપ્યા હતા.

ડીસા એસ.ટી. ડેપોમાં લાંબી રૂટની બસો સમયસર ન આવતાં મુસાફરોને હાલાકી

ડીસા, તા. ૨૪

ડીસામાં મલેશિયન ટાઈપનું આધુનિક બસ સ્ટેન્ડ સુવિધાની જગ્યાએ દુવિધા રૂપ બની રહ્યું છે. જેમાં એસ.ટી. ડેપો અંતર્ગત ચાલતી અનેક બસો ખખડધજ અને જર્જરીત હાલતમાં હોવા છતાં આવી ભયજનક બસો શહેર તેમજ ગ્રામીણ વિસ્તારના રૂટોમાં રામ ભરોશે ચાલી રહી છે. તો વળી લાંબી રૂટની બસોમાં પણ અનેક પ્રકારની યાંત્રિક ખામીઓ જોવા મળી રહી છે. જેમાં શનિવારે સવારે ડીસાથી જૂનાગઢ જતી એસ.ટી. બસ તેના સમય કરતાં બે કલાક મોડી આવી હતી. જેનાથી એસ.ટી. ડેપોના પ્લેટફોર્મ ઉપર અનેક મુસાફરો અટવાયા હતા. કેટલાક જાગૃત મુસાફરોએ આ બાબતે એસ.ટી. ડેપો મેનેજરની કચેરીનો સંપર્ક સાધવાની કોશિશ કરી હતી. જોકે, ડીસા એસ.ટી. ડેપોના મેનેજરનો મોબાઈલ નંબર તેમજ કચેરીના નંબર ઉપર સંપર્ક કરવા જતાં કોઈ જ પ્રત્યુત્તર ન મળતાં મુસાફરોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. બાદમાં એસ.ટી. ડેપોના ઈન્ચાર્જ એ.ટી.એસ. જવાનસિંગ દરબારનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ કરી હતી. જે બાદ બે કલાક મોડી એસ.ટી. પ્લેટફોર્મ ઉપર આવી હતી. આ અંગે સુરેન્દ્રનગરના રહેવાસી અરૂણાબેન સોનારાએ જણાવ્યું હતું કે, 'મારી સાસરી ડીસામાં છે. જેથી અવાર-નવાર મારે પરિવારજનો સાથે જૂનાગઢ રૂટની બસમાં સુરેન્દ્રનગર જવાનું હોય છે. પરંતુ સમયસર એસ.ટી. ન આવતાં ભારે હાલાકી વેઠવી પડે છે.'

મોડાસાના ડબ્બા ટ્રેડીંગ કૌભાંડમાં ડેમાઈના વેપારીની ધરપકડ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલા માર્કેટયાર્ડમાં કેટલાક શખ્સો દ્વારા ગેરકાયદેસર ડબ્બા ટ્રેડીંગ ચલાવવામાં આવતુ હતુ. જે અંગે અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે એક માસ અગાઉ માર્કેટયાર્ડમાં આવેલી બે દુકાનોમાંથી ડબ્બા ટ્રેડીંગનું કૌભાંડ ઝડપી પાડી ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. મોડાસામાંથી ઝડપાયેલા ડબ્બા ટ્રેડીંગના કૌભાંડની સમગ્ર જિલ્લા અને ગુજરાત રાજ્યમાં આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બની હતી. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ડબ્બા ટ્રેડિંગ કૌભાંડના તાર શોધવા ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ત્યારે વધુ એક ડેમાઈના વેપારીનું નામ ડબ્બા ટ્રેડિંગમાં ખુલતા એલસીબીએ ધરપકડ કરી હતી.

મોડાસા માર્કેટયાર્ડમાંથી એક મહિના અગાઉ ઝડપાયેલા ડબ્બા ટ્રેડીંગમાં કેટલાય અન્ય શખ્સોની સંડોવણીની શક્યતા જોવાઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લા એલસીબીએ ડબ્બા ટ્રેડિંગમાં ડેમાઈના વેપારીનું નામ ખુલતા તેની ધરપકડ કરાઈ હતી. મોડાસા માર્કેટયાર્ડમાં આવેલ બે દુકાનોમાં ઓફિસ બનાવી ત્રણ શખ્સો દ્વારા ડબ્બા ટ્રેડીંગ, સટ્ટાબેટીંગ તેમજ ગેરકાયદેસર શેરની લેવેચ કરવામાં આવતી હતી. જે અંગે અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. પી.કે. પટેલને બાતમી મળતાં ૨૦ તારીખે તેમની ટીમ સાથે છાપો મારતાં ડબ્બા ટ્રેડીંગ તેમજ સટ્ટાબેટીંગનું કૌભાંડ ઝડપી પાડી અનંત ઉપાધ્યાય, અમીત પટેલ અને સન્ની પટેલને ઝડપી મોબાઈલ, બાઈક, કાર અને કોમ્પ્યુટર સેટ સહિત ૨.૩૦ લાખની રોકડ ઝડપી પાડી હતી. તેમજ ઓફિસમાંથી ડાયરી, રજિસ્ટર અને કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી અને મોબીલની ચકાસણી હાથ ધરતાં બાયડ તાલુકાના ડેમાઈ ગામના વેપારી મુકેશ કાંતિલાલ શાહનું નામ ખુલતાં જ અરવલ્લી જિલ્લા એલસીબીએ શનિવારે કાપડના વેપારીની ધરપકડ કરી હતી.

ડેમાઈના કાપડના વેપારી મુકેશ શાહ અન્ય શખ્સો સાથે સતત સંપર્ક જાળવી વ્યવહાર કરતો હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું. ત્યારે અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે ડબ્બા ટ્રેડીંગ કૌભાંડમાં સામેલ અન્ય શખ્સોની સંડોવણી અંગે વધુ સઘન તપાસ હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

ઊંઝામાં જીરુ-વરીયાળીમાં ભેળસેળ પ્રવૃત્તિ તેજ બનતા પ્રજાના આરોગ્ય સામે ખતરો

વેપારીઓ પોતાના આર્થિક લાભ માટે ગ્રાહકોની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છે

ઊંઝા, તા. ૨૪

એશિયાભરમાં વેપાર ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવતા ઊંઝા શહેર અને તેની આસપાસના કેટલાક વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી મસાલાની ચીજો જીરું અને વરિયાળીમાં ભેળસેળની પ્રવત્તિએ વેગ પકડ્યો હોઈ માનવ આરોગ્ય સામે ખતરો ઉભો થયો હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

વેપારી મથક ઊંઝા શહેર અને તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં રોકડીયા પાકો જીરુ અને વરિયાળીમાં ભેળસેળની પ્રવૃત્તિ બેરોકટોક રીતે ચાલી રહ્યાનું ચર્ચાય છે. કહે છે કે, ચાલુ વર્ષે જીરાના પાકનું ઉત્પાદન ઓછું થતાં દેશાવરોની સારી ઘરાકીએ ભાવમાં તેજી થઈ છે ત્યારે જીરામાં હલકી પરિયાળી અને સુવાની ભેળસેળની પ્રવૃત્તિ વધી ગઈ છે. વધુમાં જીરામાં ચળકાટ લાવવા માટે શંખજીરાના પાવડતરની ધૂમ મિલાવટ કરવામાં આવી રહી છે. બીજું મસાલાની ચીજ વરિયાળીના ભાવ ખાસ્સા ઉંચા હોઈ કેટલાક ભેળસેળિયા તત્ત્વો હલકી કક્ષાની વરિયાળી પર લીલો અખાદ્ય રંગનો પાવડર ચઢાવીને તેને બનાવટી બેસ્ટ રંગદાર માલ બનાવી આવા ભેળસેળવાળા માલનું બહાર વેચાણ કરી ધૂમ નફાખોરી કરી રહ્યા છે.

લોકજીભે ચર્ચાતી વાતો મુજબ શહેરના માર્કેટયાર્ડની આસપાસ ગોડાઉન વિસ્તારો, ક્લીનિંગ ફેક્ટરીઓ, અન્ય ગોડાઉનો તેમજ ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં બનાવાયેલ ઓરડીઓમાં કેટલાક ભેળસેળિયા તત્ત્વો મસાલાની ચીજોમાં ભેળસેળની પ્રવૃત્તિ કરી રહ્યા છે. ભેળસેળની આ ગેર કાયદેસરની પ્રવૃત્તિ છેલ્લા ઘણા વર્ષોથી બેરોકટોકપણે ચાલી રહી છે તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ કડક પગલાં ભરાતાં નથી. ખાદ્યચીજોમાં ભેળસેળ કરનારા તત્ત્વોએ માનવતા દયા જેવા ગુણોને નેવે મૂકી દીધા છે અને ફક્ત નાણાં કમાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેથી આ પ્રવૃત્તિએ વેગ પકડ્યો છે. આમ જનતાના આરોગ્યને ભારે નુકસાન પહોંચાડનારા તત્ત્વો વિરુદ્ધ સરકારી તંત્રો તરફથી કડક પગલાં ન ભરાતાં આવા તત્ત્વોને કોઈ ડર કે ભય રહ્યો નથી. પરિણામે આ બદીએ માઝા મૂકી દીધી હોવાનું કહેવાય છે. અવાર-નવાર દરોડા પડે છે પરંતુ કોઈને સજા કે દંડ થયાનું સાંભળ્યું નથી.

ભેળસેળની વધેલી પ્રવૃત્તિને કારણે વેપારી મથક ઊંઝા બજારની પ્રતિષ્ઠા જોખમાઈ છે અને પ્રામાણિક વેપારીઓ તેમજ નિકાસકારોને ઘણું સહન કરવું પડે છે. ભેળસેળની પ્રવૃત્તિને અટકાવવામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર પાંગળું પુરવાર થયું હોય તેમ જણાય છે. કહે છે કે સંબંધિત સરકારી તંત્રો તેમજ બજાર સમિતિની ઘોર નિષ્ક્રિયતા આ કથિત હમ્માઓના પ્રતાપે આ ખતરનાક પ્રવૃત્તિ ધમધોકાર રીતે ચાલી રહ્યાનું ચર્ચાય છે. ચાલુ વર્ષે મસાલાની મુખ્ય તીજો જીરુ અને વરીયાળીના ભાવમાં તેજી થઈ હોઈ વધુ નફો રળવા માટે મિક્સિંગ અને ભેળસેળ પ્રવૃત્તિ વધી જવા પામી છે.

પ્રાંતિજના પોંગલુમાં આરોગ્ય કર્મચારીઓની તાલીમ શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોંગલુ પી.એચ.સી. પર ગતિશીલ ગુજરાત અંતર્ગત પોંગલુ પી.એચ.સી.ના આરોગ્ય કાર્યકર મુખ્ય સેવિકા, મેડિકલ ઓફીસર, આરબી એસકે સ્ટાફની ન્યુટ્રીશન તથા ૦ થી ૬ વર્ષના બાળકોમાં ઉદભવતી કુપોષણ તથા વિકલાંગતાની તપાસ તથા સારવાર અંગેની તાલીમ તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ સમગ્ર કાર્યક્રમ રાજય સરકાર તથા જિલ્લાના આરોગ્ય તંત્રની સૂચના તથા દેખરેખ હેઠળ જીવનચક્ર અભિગમ હેઠળ તમામ બાળકોને લાલ તથા પીળા ગ્રેડમાંથી બહાર લાવી તેમને પોષક આહાર આપી લીલા ગ્રેડમાં લાવવા જેમાં આરોગ્ય કાર્યક્રમ દ્વારા બાળકોની તપાસ ખોરાક આપવામાં આવશે. જેની દેખરેખ મેડીકલ ઓફિસર રાખશે. ડૉ. ગૌતમ નાયક તથા ડૉ. મેહુલ ચોપરા દ્વારા સમગ્ર ટીમને માર્ગદર્શન આપી સુસજ્જ કરવામાં આવ્યા હતા આ સમગ્ર કાર્યક્રમ એક યજ્ઞની જેમ કરવાનો હોઈ તમામ ટીમ એક થઈને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવી આવનારી પેઢીને સમુદ્ર બનાવવાના પ્રયત્નો ડૉ. ગૌતમ નાયક તથા ટીમ પ્રાંતિજ દ્વારા કરવામાં આવશે. પોંગલુ પી.એચ.સી. સુપરવાઈઝર શ્રી ડી.કે. પટેલ દ્વારા સમગ્ર શિબિરનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાત સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠન દ્વારા મહિલા સશક્તિકરણ મહાઅધિવેશન યોજાયું

મહેસાણા, તા. ૨૪

મહેસાણા શહેરમાં અવસર પાર્ટી પ્લોટ ખાતે ઉત્તર ગુજરાત સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠન દ્વારા પ્રજાપતિ મહિલા સશક્તિકરણ મહાઅધિવેશન કાર્યક્રમ યોજાયો હતો. મહિલા અધિવેશન કાર્યક્રમમાં ત્રણ હજારથી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી હતી. અધિવેશનમાં મહેસાણાના સાંસદ જયશ્રીબેન પટેલ ઉપસ્થિત રહી મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું.

મહિલા અધિવેશનમાં ઉપસ્થિત સાંસદ જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે ભારત રાષ્ટ્રમાં મહિલાઓનું આદિ - અનાદિકાળથી વિશેષ મહત્ત્વ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં માત્ર ભારત દેશમાં મહિલાઓની વિશેષ પૂજા અને અર્ચના થાય છે. આ સૃષ્ટિમાં સર્વોત્તમ કૃત્તિ એટલે સ્ત્રી. સ્ત્રી વિના દુનિયાની કલ્પના કરી શકાય નહીં. મહિલાને કિર્તી, શક્તિ, સેવા, સાધના, મેધા, ભક્તિ, આતિથ્ય સહિત વિવિધ સ્વરૂપોમાં પુરાણોમાં મહત્ત્વ અપાયું છે. આજે મહિલાઓ ધાર્મિક, આર્થિક સામાજિક ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે.

વધુમાં સમાજ જીવનમાં સકારાત્મક બદલાવ માટે મહિલાઓને નેતૃત્ત્વ આપવું જરૂરી છે. જે સમાજ મહિલાઓનું સન્માન કરે છે તે સમાજ હંમેશા પ્રગતિ કરે છે. સાસંદશ્રીએ મહિલાઓને લગતી વિશેષ યોજનાઓ અને સરકારશ્રી દ્વારા મહિલા કલ્યાણકારી પગલાં અંગેની વિગતે જાણકારી આપી હતી.

પરબડા દૂધ લેવા ગયેલી મહિલાના ગળામાંથી સોનાનો દોરો લૂંટાયો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના ભોલેશ્વર ખાતે રહેતી મહિલા ગત ગુરૂવારે પરબડા ગામમાંથી દૂધ લઈ ઘર તરફ પરત આવી રહી હતી તે દરમિયાન બાઈક પર આવેલા ૨૨થી ૨૫ વર્ષની વયના બે યુવકો પૈકીના એક યુવકે મહિલાના ગળા પર હાથ મારી એક તોલાનો સોનાનો દોરો લૂંટી બંને જણા ભાગી છુટયા હતા. લૂંટની ઘટના અંગે મહિલાએ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂા.૩૦ હજારની મત્તાના સોનાના દોરાની લૂંટના મામલે ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

ઘટના અંગેઞવિગત અનુસાર ભોલેશ્વરની શ્યામ સોસાયટીમાં રહેતા રમીલાબેન બાબુભાઈ બેંકર ગત ગુરૂવારે સાંજના સવા સાતેક વાગ્યાના સુમારે ઘરેથી પરબડા ગામમાં દૂધ લેવા માટે ગયા હતા. જેઓ દૂધ લઈ પરત ફરી હતા તે દરમિયાન પરબડા ગામની સીમના ગરનાળા નજીક બાઈક પર ૨૨ થી ૨૫ વર્ષની વયના બે યુવાનો મહિલા નજીક આવ્યા હતા. જેમાં બાઈક પર સવાર એક યુવાને રમીલાબેનના ગળા પર હાથ મારી એક તોલાનો પહેરેલ સોનાનો દોરો તોડી લૂંટ ચલાવી પલભરમાં ભાગી છુટયા હતા.

સોનાનો દોરો તોડી લૂંટ ચલાવવાની ઘટના સંદર્ભે ભોલેશ્વરના રમીલાબેન બેંકરે ગુરૂવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા રૂા.૩૦ હજારની મત્તાની લૂંટની ઘટના સંદર્ભે બે બાઈક સવાર અજાણ્યા યુવકો વિરૂધ્ધ ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે. હિંમતનગર શહેર ઉપરાંત જિલ્લાના અનેક વિસ્તારોમાં ચેઈન સ્નેચીંગની અનેક ઘટનાઓ બનવા છતાં સ્થાનિક તેમજ જિલ્લાની પોલીસ આવી ઘટનાઓના ગુનાઓના પર્દાફાશ કરવામાં નિષ્ફળ રહી છે. જેના કારણે આવી લબરમુછીયા ટોળકી ગુનાખોરી આચરવામાં સફળ થાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦